**અગ્રતા ક્રમાંક: ૦૨**

**પ્રશ્ન ક્રમાંક:૧૫/૦૪/૮૨૬ માન. ધારાસભ્યશ્રી ધવલસિંહ ઝાલા (બાયડ)**

**પુરક પ્રશ્નો**

૧. ન્યુ ગુજરાત પેટર્ન અંતર્ગત કયા કયા પ્રકારના કામો લેવામાં આવે છે ? છેલ્લા ત્રણ વર્ષમાં અરવલ્લી તેમજ સાબરકાંઠા જીલ્લામાં કેટલા કામો હાથ ધરવામાં આવેલ છે? (શ્રી પી. સી. બરંડા (ભિલોડા))

૨. રાજ્યના સરહદી વિસ્તારોમાં વસતાં આદિજાતિ સમુદાય માટેની યોજના અન્વયે અરવલ્લી તેમજ સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમનાં કામો મંજુર કરવામાં આવેલ છે?(શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર))

૩. અરવલ્લી તેમજ સાબરકાઠાં જિલ્લાના અનુસુચિત જનજાતિના બાળકોના પોષણ સ્તરમાં સુધારો કરવા માટેની યોજના અન્વયે કેટલા બાળકો લાભ લઇ રહેલ છે? (શ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર) )

૪. આદિજાતિ જન સમુદાયના વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અન્વયે જમીન હક્કદાવાના લાભ ધરાવતા ખેડુતોને વનવાસી સશક્તિકરણ યોજના હેઠળ શા લાભ આપવામાં આવે છે ? (શ્રી મહેશભાઈ ભુરીયા (ઝાલોદ) )

૫. અરવલ્લી તેમજ સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ, કૃષિ વૈવિધ્યકરણ યોજના તેમજ મંડપ યોજના હેઠળ શા લાભ આપવામાં આવે છે? (શ્રી ફતેસિંહ ચૌહાણ (કાલોલ) )

| | |
|---|---|
| | **અન્ય પુરક પ્રશ્નો** |
| 1 | રાજ્યમાં પ્રાયોજના વહિવટદારશ્રીની કચેરીઓ દ્વારા કઈ કઈ મહત્વની યોજનાઓની અમલવારી કરવામાં આવે છે ? |
| 2 | બીજ રૂપ અંદાજપત્ર (ન્યુક્લિઅસ બજેટ) અંતર્ગત કયા કયા પ્રકારના કામો લેવામાં આવે છે ? છેલ્લા ત્રણ વર્ષમાં અરવલ્લી તેમજ સાબરકાંઠા જીલ્લામાં કેટલા કામો મંજૂર કરવામાં આવેલ છે? |

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી પી. સી. બરંડા (ભિલોડા)**

**પ્રશ્ન–૧ ન્યુ ગુજરાત પેટર્ન અંતર્ગત કયા કયા પ્રકારના કામો લેવામાં આવે છે ? છેલ્લા ત્રણ વર્ષમાં અરવલ્લી તેમજ સાબરકાંઠા જીલ્લામાં કેટલા કામો હાથ ધરવામાં આવેલ છે?**

જવાબ.

- રાજ્યમાં આદિજાતિ વિકાસના પ્રયાસોને વધુ અસરકારક અને વેગવંતા બનાવવા માટે ગુજરાત સરકારે **"ગુજરાત પેટર્ન"**ની યોજના **વર્ષ ૧૯૯૭–૯૮ થી** અમલમાં મુકેલ છે.
- આદિજાતિ પેટા યોજનામાં રાજ્ય સરકારના દરેક વિભાગ તરફથી આદિજાતિની **વસ્તીની ટકાવારી**ના પ્રમાણમાં ભંડોળ ફાળવવામાં આવે છે. તેમ ન્યૂ ગુજરાત પેટર્ન હેઠળ, દરેક સદરમાંથી સંકલિત આદિજાતિ વિસ્તાર(શીડ્યૂલ એરીયા)માં વસતા તથા શીડ્યૂલ એરીયા સિવાયના વિસ્તારોમાં વસતા આદિવાસીઓ માટે રાજ્ય સરકારના બજેટમાં વિકેન્દ્રિત આયોજન માટે નાણાં ફાળવવામાં આવે છે.
- સબબ યોજના અન્વયે રાજ્ય સરકારના બજેટમાંથી આવાસ, રોડ–રસ્તાં, શિક્ષણ, પાણી પુરવઠા, સિંચાઈ, કૃષિ અને પશુપાલન, વિજળીકરણ, સામુહિક આરોગ્ય, રોજગાર, પોષણ, આજીવિકા, વન વિકાસ, મહિલા અને બાળ કલ્યાણ તથા અન્ય વિકાસના કામોના વિકેન્દ્રિત આયોજન માટે નાંણા ફાળવવામાં આવે છે. જેના આધારે આદિજાતિ વિકાસ વિભાગ મારફત કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ

તેમજ તાબાની પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી દ્વારા વિવિધ પ્રકારે આયોજન અને અમલ કરવામાં આવે છે.

- ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ તાલુકા સ્તરે તાલુકા આદિવાસી વિકાસ સમિતિ તેમજ જિલ્લા સ્તરે જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની રચના કરવામાં આવેલ છે. આ બંને સમિતિ કે મંડળમાં જે તે વિસ્તારના ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓ, વિવિધ સરકારી અધિકારીઓ, અગ્રગણ્ય નાગરિકો તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓનાં કાર્યકરો સામેલ હોય છે. આદિજાતિ વિસ્તારમાંના ગામોમાં યોજાતી ગ્રામસભાઓમાં વ્યક્ત થતી લોક લાગણી તથા સરકાર દ્વારા કરવામાં આવેલી નાણાંકીય ફાળવણીને ધ્યાનમાં લઇને સૌથી પહેલા તાલુકા સ્તરે વિકાસના કાર્યોનું આયોજન કરવામાં આવે છે અને પછી તેને જિલ્લા સ્તરે મંજૂરી અર્થે મોકલવામાં આવે છે.
- ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ ૯૦ ટકા રકમના કામોનું આયોજન જિલ્લા પ્રભારી મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને કરવામાં આવે છે. જિલ્લા આયોજન મંડળમાં આ તમામ યોજનાઓનું આયોજન કરી તેના અમલ પર દેખરેખ, નિયંત્રણ, મૂલ્યાંકન અને સમીક્ષા કરવામાં આવે છે. ગુજરાત પેટર્ન હેઠળની કુલ જોગવાઈની ૧૦ ટકા રકમની યોજનાઓ મંજુર કરવાનાં અધિકારો રાજ્ય કક્ષાનાં સ્તરે રાખવામાં આવ્યા છે. આ ૧૦ ટકાના કામોનું આયોજન, અમલીકરણ, સમીક્ષા, મૂલ્યાંકન કરવા રાજ્યકક્ષાએ માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અધ્યક્ષપદે રાજ્યકક્ષાની સમિતિની રચના

કરવામાં આવી છે. જુદા–જુદા વિભાગોમાંથી આવેલ દરખાસ્તો ઉપર આ સમિતિમાં ચર્ચા કરી અને અંતિમ નિર્ણય લેવામાં આવે છે.

- **અરવલ્લી જિલ્લા** અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ કુલ **રૂ. ૨૩૨૧.૩૨ લાખના કુલ ૮૦૦ કામો** મંજૂર કરવામાં આવેલ છે.
- તેમજ **સાબરકાંઠા જિલ્લા** અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષમાં ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ **કુલ રૂ.૩૦૮૧.૧૦ લાખના કુલ ૧૧૨૬ કામો** મંજૂર કરવામાં આવેલ છે.

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી વિનેન્દ્રસિંહ ઝાલા (હિંમતનગર)**

**પ્રશ્નઃ–૨ રાજ્યના સરહદી વિસ્તારોમાં વસતાં આદિજાતિ સમુદાય માટેની યોજના અન્વયે અરવલ્લી તેમજ સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં કેટલી રકમનાં કામો મંજુર કરવામાં આવેલ છે?**

**જવાબઃ–**

- રાજ્યમાં અનુ. જનજાતિનાં ઉત્કર્ષ માટે, ગુજરાત રાજ્ય સુવર્ણ જયંતિ ઉજવણી વર્ષ **૨૦૧૦માં આદિવાસી વિસ્તારના ૪૦૧ સરહદી ગામો**માં પાયાની સુવિધા જેવી કે, આવાસ, આરોગ્ય, પાણી, વિજળી , શિક્ષણ અને આર્થિક ઉત્કર્ષ જેવી સુવિધાઓ ઉપલબ્ધ થાય તે હેતુથી **બોર્ડર વિલેજ યોજના વર્ષ ૨૦૧૦–૧૧ થી** અમલમાં છે.

- ત્યારબાદ યોજનાનો વ્યાપ વધારીને, **હાલ ૪૯૫ ગામોને** પાયાની સુવિધા પુરી પાડવાની જરૂરીયાતને ધ્યાને લેતા **મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના વર્ષ ૨૦૨૩–૨૪ થી અમલી** કરવામાં આવી.

- મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ નીચે મુજબના કામો હાથ ધરી શકાય છે.

- **વ્યક્તિગત સહાયના કામો**
    - સરહદી ગામોમાં આદિજાતિનાં ખેડૂતો માટે બોર – મોટરની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે સહાય.

- રોજગારી માટે પશુપાલન, વ્યવસાયલક્ષી કૌશલ્ય વર્ધન, મત્સ્ય પાલન વગેરે માટે સહાય/સાધન અને તાલીમ શકાશે.
- આદિજાતિ પરંપરાગત અને સાંસ્કૃતિક કલા કૌશલ્યની જાળવણી અને વિકાસ
- આદિજાતિનાં કુટુંબો દ્વારા ઉત્પાદિત ખેત પેદાશો, ગૌણ વન પેદાશો અને અન્ય કલા કૃતિઓના મૂલ્યવર્ધન અને વેચાણ માટે બજાર વ્યવસ્થાપન અંગેના કામો.

- **સામુદાયિક વિકાસના કામો**
  - રસ્તા
  - આંગણવાડી બાંધકામ
  - આરોગ્ય ક્ષેત્રે માળખાકીય સુવિધાઓ, તબીબી સાધનો અને ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવી તેમજ મરામતનાં કામો હાથ ધરવા
  - શિક્ષણ ક્ષેત્રે શાળાઓના ઓરડા તેમજ અન્ય આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવી
  - નવા દૂધ ઘર બનાવવા
  - મલ્ટીપર્પઝ યુટીલીટી સેન્ટર બનાવવા

- વિજળીકરણના સામુદાયિક વિકાસનાં કામો હાથ ધારી શકાય છે.
- ઈકો ટૂરિઝમ નો વિકાસ કરવો.

છેલ્લા ત્રણ વર્ષમાં **અરવલ્લી જીલ્લામાં** પ્રસ્તૂત યોજના હેઠળ જુદા જુદા પ્રકારના **કુલ રૂ. ૧૨૩૦.૩૯ લાખ**ના કામો મંજૂર કરવામાં આવેલ છે.

તેમજ **સાબરકાંઠા જીલ્લામાં** છેલ્લા ત્રણ વર્ષમાં આ યોજના હેઠળ જુદા જુદા પ્રકારના કુલ **રૂ. ૧૯૦૪.૦૫ લાખ**ના કામો મંજૂર કરવામાં આવેલ છે.

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી માનસિંહ ચૌહાણ (બાલાસિનોર)**

**પ્રશ્નઃ–૩ અરવલ્લી તેમજ સાબરકાઠાં જિલ્લાના અનુસુચિત જનજાતિના બાળકોના પોષણ સ્તરમાં સુધારો કરવા માટેની યોજના અન્વયે કેટલા બાળકો લાભ લઇ રહેલ છે?**

**જવાબઃ–**

- રાજ્યના આદિજાતિ વિસ્તારના **અનુસુચિત જનજાતિના ધોરણ ૧ થી ૮ની પ્રાથમિક શાળામાં** અભ્યાસ કરતાં બાળકોમાં વિટામીન, પ્રોટીન, કેલ્શિયમ અને ક્ષાર તત્વની ઉણપ દુર કરવા તેમજ બાળકોના શારીરિક વિકાસ સાથે માનસિક વિકાસ થાય અને તેઓની આરોગ્ય સુખાકારીમાં સુધારો થાય તે હેતુસર **દુધ સંજીવની યોજના વર્ષ ૨૦૦૭થી અમલ**માં મુકવામાં આવેલ છે.
- પ્રસ્તુત યોજના અન્વયે આદિજાતિના બાળકોને **બાળક દિઠ ૨૦૦.૦૦ મિ.લી. ફોર્ટીફાઈડ ફ્લેવર્ડ દુધ** આપવામાં આવે છે. આ યોજનાનો અમલ અઠવાડીયાના ૫ દિવસ અને વર્ષના ૨૦૦ દિવસ ચલાવવામાં આવે છે .
- આ યોજના હેઠળ **અરવલ્લી જીલ્લામાં** છેલ્લા ત્રણ વર્ષમાં **કુલ રૂ. ૭૪૦.૮૫ લાખ**ની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે. તેમજ હાલની સ્થિતિએ **કુલ ૪૭૮ શાળાઓમાં ૪૯૦૧૪ બાળકો** પ્રસ્તુત યોજના હેઠળ લાભાર્થી તરીકે જોડાયેલ છે.

- તેમજ **સાબરકાંઠા** જીલ્લામાં પ્રસ્તુત યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં **કુલ રૂ. ૧૪૦૪.૨૫ લાખ**ની ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવેલ છે. તેમજ હાલની સ્થિતિએ **કુલ ૪૩૬ શાળાઓમાં ૬૭૯૬૬ બાળકો** પ્રસ્તુત યોજના હેઠળ લાભાર્થી તરીકે જોડાયેલ છે.

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયા (ઝાલોદ)**

**પ્રશ્નઃ-૪ આદિજાતિ જન સમુદાયના વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ અન્વયે જમીન હક્કદાવાના લાભ ધરાવતા ખેડુતોને વનવાસી ખેડૂત સશક્તિકરણ યોજના હેઠળ શા લાભ આપવામાં આવે છે?**

**જવાબઃ-**

- વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળના લાભાર્થીઓને જમીનના ઉપયોગ/વિકાસ અંગે લાભો આપી તેમના આર્થિક અને સામાજિક વિકાસ થકી જીવનધોરણ ઉંચુ લાવવા **"મુખ્ય મંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના"** અમલમાં છે. નાણાકીય **વર્ષ ૨૦૨૩-૨૪ માટે** પ્રસ્તુત યોજના અન્વયે સમગ્ર રાજ્ય માટે **રૂ.૬૦.૫૦ કરોડ**ની જોગવાઈ કરવામાં આવેલ છે.
- પ્રસ્તુત યોજના હેઠળ નીચે મુજબનાં કામો હાથ ધરી શકાય છે
    - **જમીન સુધારણાનાં ઉપાયો** દ્વારા વન અધિકાર અિધિનયમ-૨૦૦૬ હેઠળ ખેડાણ હક્કવાળી **જમીનના વૈજ્ઞાનિક ઢબે વિકાસ કરવો**.
    - વ્યક્તિગત ધોરણે ટ્યૂબવેલ/કૂવા આધારિત સિંચાઈ તેમજ રેઈન વોટર હાર્વેસ્ટિંગ માટે લાભાર્થી દીઠ **રૂ. ૪.૦૦ લાખની મર્યાદામાં સહાય.**
    - સૂક્ષ્મ સિંચાઈ, ટપક અને ફુવારા પદ્ધતિ દ્વારા ઉત્તમ ખેત પેદાશ મેળવી શકે તે હેતુથી સૂક્ષ્મ સિંચાઈ માટે નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનાં નીચે મુજબના ધારા-ધોરણ મુજબ છે.

- નોન ડાર્ક ઝોન વિસ્તાર માટે **ખરેખર ખર્ચના ૮૫% સુધી** અથવા **રૂપિયા ૧ લાખ પ્રતિ હેક્ટર**માંથી જે ઓછું હોય તે.
- ડાર્ક ઝોન વિસ્તાર માટે ૫૭ તાલુકા માટે **ખરેખર ખર્ચના ૯૦% સુધી** અથવા **રૂપિયા ૧ લાખ પ્રતિ હેક્ટર**માંથી જે ઓછું હોય તે.

- પરંપરાગત વીજ જોડાણ આપવા માટે ખૂટતી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા અંગેના ખર્ચ અંગે લાભાર્થી દ્વારા કરવામાં આવેલ **ખર્ચનાં ૯૦% સુધીની સહાય.**
- ટેકનીકલ અને કોમર્શિયલ વાયેબલ ન હોય તેવા દૂર વિસ્તારના લાભાર્થીઓને ખેતી માટે સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવવા **સોલર ઉર્જા સંચાલિત પંપ સેટસની સહાય.**
- વન્ય/રખડતા પ્રાણીઓ દ્વારા ઉભા પાકને નુકસાન થતું અટકાવવા ખેતરની ફરતે સોલર ફેંસિંગ બનાવવા માટે **સોલર પાવર યુનીટ/કીટ ખરીદી માટે કુલ ખર્ચના ૯૦% અથવા રૂપિયા ૩૦ હજાર બેમાંથી જે ઓછુ હોય તે** મુજબ સહાય.
- આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકનાં **ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત** (D-SAG) દ્વારા અમલીકૃત કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત નિયત કરવામાં આવેલ પાકો માટેના બિયારણ અને ખાતર અંગેની કીટની સહાય, દૂધાળા પશુઓ માટે સહાય તેમજ બકરા ઉછેર માટે સહાય તથાકૃષિયાંત્રિકરણ માટે વિવિધ ઘટકો જેવા કે પાવર ટીલર,

સેલ્ફ પ્રોપેલ રાઈસ ટ્રાન્સ પ્લાનટર, સેલ્ફ પ્રોપેલ રીપર કમ બાઈનડર, કોટ હોલ ડીગર/અગર (સ્પેશિયલાઈઝડ સેલ્ફ પ્રોપેલ મશીનરી), પાવર વીડર, વીનોવિંગ ફેન, ચાફ કટર વગેરે માટે સહાય.

- આ યોજના હેઠળ **અરવલ્લી જિલ્લામાં** છેલ્લા ત્રણ વર્ષમાં **કુલ ૩૮૪ લાભાર્થીઓ**ને સહાય આપવામાં આવેલ છે.
- તેમજ **સાબરકાંઠા જિલ્લામાં** છેલ્લા ત્રણ વર્ષમાં **કુલ ૭૧૭ લાભાર્થીઓ**ને સહાય આપવામાં આવેલ છે.

Back To Index

**પુરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી ફતેસિંહ ચૌહાણ (કાલોલ)**

**પ્રશ્નઃ–૫ અરવલ્લી તેમજ સાબરકાંઠા જીલ્લામાં છેલ્લા ત્રણ વર્ષમાં સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ, કૃષિ વૈવિધ્યકરણ યોજના તેમજ મંડપ યોજના હેઠળ શા લાભ આપવામાં આવે છે?.**

**જવાબઃ–**

- આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક હેઠળની ડેવલોપમેંટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત કે ડિ–સેગનું દ્વારા **મુખ્યમંત્રીશ્રીના દસ મુદ્દાના કાર્યક્રમ(વનબંધુ કલ્યાણ યોજના)**નો રાજ્યની **પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીઓ** મારફત સફળતાપૂર્વક અમલ કરવામાં આવી રહેલ છે.

- **સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ** હેઠળ આદિજાતિ કુટુંબોને ગરીબી રેખામાંથી બહાર લાવવા માટે લાભાર્થી દીઠ મહત્તમ બે દૂધાળા પશુ સહાય અને અન્ય સાધન સહાય અંતર્ગત કેટલ ટ્રાન્સપોર્ટેશન, પશુ–વીમો–સારવાર–ખાનદાન તથા મહિલા લાભાર્થીઓની તાલીમ આપવામાં આવે છે.
- આ યોજના અંતર્ગત **એક પશુની યુનિટ કોસ્ટ રૂપિયા ૭૦ હજાર** છે. જેમાં, ભારત સરકારની સહાય રૂપિયા ૨૨ હજાર ૫૦૦ છે અને ગુજરાત સરકારની સહાય રૂપિયા ૨૨ હજાર ૫૦૦ તથા ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની લોન રૂપિયા **૨૨ હજાર ૫૦૦** તથા લાભાર્થી ફાળો રૂપિયા ૨ હજાર ૫૦૦ નો સમાવેશ થાય છે.

- **અરવલ્લી જીલ્લામાં** સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં **કુલ ૫૯૫ લાભાર્થી**ઓને પશુ સહાય આપવામાં આવેલ છે.
- તેમજ **સાબરકાંઠા જીલ્લા**માં સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ હેઠળ છેલ્લા ત્રણ વર્ષ માં **કુલ ૭૬૦ લાભાર્થી**ઓને પશુ સહાય આપવામાં આવેલ છે.

- **કૃષિ વૈવિધ્યકરણ પ્રોજેક્ટ** હેઠળ આદિવાસી ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે હાઇબ્રીડ મકાઇ, કારેલાં, દૂધી, ટામેટાં, ભીંડા અને રીંગણ જેવા પાક માટેના **બિયારણ તથા ખાતરની કિટનું વિતરણ** કરવામાં આવે છે.
- પ્રસ્તુત યોજના હેઠળ **અરવલ્લી જિલ્લામાં** છેલ્લા ત્રણ વર્ષમાં **કુલ ૧૨ હજાર ૩૫૮ લાભાર્થી**ઓને **કૃષિ કીટ** આપવામાં આવેલ છે.
- તેમજ **સાબરકાંઠા જિલ્લામાં** છેલ્લા ત્રણ વર્ષમાં **કુલ ૧૧ હજાર ૮૨૬ લાભાર્થીઓ**ને **કૃષિ કીટ** આપવામાં આવેલ છે.

**આદિજાતિના ખેડૂતને વેલાવાળા પાકો માટે મંડપ બનાવવા માટે સહાય માટેની યોજના :** રાજ્ય સરકાર દ્વારા હાલમાં આદિવાસી વિસ્તારોમાં આદિજાતિ ખેડૂતો દ્વારા લેવામાં આવતા પાકો પૈકી વેલાવાલા પાકો જેમાં ખાસ

કરીને શાકભાજીના પાકોનું સવિશેષ વાવેતર થાય છે તેના ઉત્પાદન અને ગુણવત્તા માટેના મૂલ્યવર્ધન હેતુસર "**આદિજાતિના ખેડૂતને વેલાવાળા પાકો માટે મંડપ બનાવવા માટે સહાય માટેની યોજના** છે.

- વન અધિકાર અધિનિયમ ધારા હેઠળ જમીન ખેડાણના અધિકાર પત્રો ધરાવતા ખેડૂતો, મહિલા ખેડૂત ખાતેદાર, આદિમજૂથના ખાતેદાર અને ખેતી અને પીયતની સુવિધા ધરાવતા ખેડૂતોને લાભ મળવાપાત્ર છે.
- મંડપ યોજના હેઠળ **અરવલ્લી જિલ્લા** અંતર્ગત છેલ્લા ત્રણ વર્ષ માં **કુલ ૨૨૫ લાભાર્થીઓ**ને લાભ આપવામાં આવેલ છે.
- તેમજ **સાબરકાંઠા જિલ્લા**માં પ્રસ્તુત યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષ માં **કુલ ૪૨૯ લાભાર્થીઓને** લાભ આપવામાં આવેલ છે

Back To Index

## અન્ય પુરક પ્રશ્નો

**પ્રશ્ન: રાજ્યમાં પ્રાયોજના વહિવટદારશ્રીની કચેરીઓ દ્વારા કઈ કઈ મહત્વની યોજનાઓની અમલવારી કરવામાં આવે છે?**

**જવાબ:** ગુજરાત **રાજ્યના ૧૪ જિલ્લાઓના** આદિજાતિની સઘન વસ્તી ધરાવતા ૫૩ તાલુકા, ૧૬ પોકેટ વિસ્તાર તેમજ ૪ કલસ્ટર વિસ્તારોને **કુલ ૧૪ પ્રાયોજના વિસ્તારો**માં વહેચવામાં આવ્યા છે, જે નીચે મુજબ છે.

(૧) પાલનપુર (બનાસકાંઠા), (૨) ખેડબ્રહ્મા (સાબરકાંઠા), (૩) દાહોદ (દાહોદ), (૪) છોટાઉદેપુર (છોટાઉદેપુર), (૫) રાજપીપળા (નર્મદા), (૬) માંડવી (સુરત), (૭) સોનગઢ (તાપી), (૮) વાંસદા (નવસારી), (૯) આહવા (ડાંગ), (૧૦) ગોધરા (પંચમહાલ), (૧૧) ભરૂચ (ભરૂચ), (૧૨) વલસાડ (વલસાડ), (૧૩) મોડાસા (અરવલ્લી) અને (૧૪) લુણાવડા (મહીસાગર).

- દરેક આદિજાતિ વિસ્તારના જિલ્લાના પ્રાયોજના વિસ્તારના વહીવટ અને વિકાસની જવાબદારી તેમજ સંકલિત આદિજાતિ વિકાસ પ્રાયોજનાના ઘડતર, સંકલન અને તેના અમલના નિરીક્ષણ કરવાની કામગીરી મુખ્યત્વે પ્રાયોજના વહીવટદારની કચેરી દ્વારા કરવામાં આવે છે.
- પ્રાયોજના વહીવટદારની કચેરીઓ દ્વારા અનુસૂચિત જનજાતિ સમુદાય માટેની નીચે મુજબની મહત્વની યોજનાઓની અમલવારી કરવામાં આવે છે.

## ➢ વ્યક્તિગત લભાર્થીની યોજના

- આવાસન યોજના
- સંકલિત ડેરી વિકાસ કાર્યક્રમ
- મંડપ યોજના (વર્ટીકલ ક્રોપિંગ સિસ્ટમ)
- કૃષિ વૈવિધ્યકરણ યોજના
- ઘેટાં બકરા ઉછેર યોજના
- દૂધ સંજીવની યોજના

## ➢ સામુદાયિક વિકાસના કામોની યોજના

- ન્યુ ગુજરાત પેટર્ન યોજના
- ન્યુક્લિઅસ બજેટ (બીજરૂપ અંદાજપત્ર)
- મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના
- મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના
- બંધારણની કલમ ૨૭૫(૧)
- લીફ્ટ ઈરીગેશન યોજના
- પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન (PM-JANMAN)
- પ્રધાનમંત્રી આદિ આદર્શ ગ્રામ યોજના
- સામાજિક શૈક્ષણિક શિબિર

Back To Index

**પ્રશ્ન: બીજ રૂપ અંદાજપત્ર (ન્યુક્લિઅસ બજેટ) અંતર્ગત કયા કયા પ્રકારના કામો લેવામાં આવે છે ? છેલ્લા ત્રણ વર્ષમાં અરવલ્લી તેમજ સાબરકાંઠા જીલ્લામાં કેટલા કામો મંજૂર કરવામાં આવેલ છે?**

**જવાબ–**

- પ્રાયોજના વિસ્તારોની તાત્કાલિક જરુરિયાતોને પહોંચી વળવાના આશયથી પેટા યોજના વિસ્તાર માટેની કુલ ફાળવણીમાંથી જે તે વર્ષ માટે કેટલીક રકમ બીજરૂપ અંદાજપત્ર તરીકે અંકિત કરવામાં આવે છે.
- જૂદા જૂદા પ્રાયોજના વિસ્તારની સ્થિતિ અને વિકાસની કક્ષા એકરુપ ન હતી. કેટલાક વિસ્તારો અમુક કક્ષા સુધી જ વિકાસ પામેલ હતા.
- આદિજાતિ વિકાસ યોજનાઓને નાણાં પૂરાં પાડવાના અનેકવિધ કાયક્રમોમાં નવા વિચારો અને ફેરફાર સ્વીકારવાની પણ જરુર હતી.
- આ સ્થિતિને તત્કાળ પહોંચી વળવાનાં અને આદિજાતિ વિસ્તાર પેટા યોજનાના કાર્યક્રમોના આર્થિક અમલીકરણ માટે સરકારે બીજરૂપ અંદાજપત્ર નીચે વધારે સત્તા પ્રાયોજના વહીવટદાશ્રીને સોંપેલ છે.
- સંકલિત આદિજાતિ વિકાસ યોજનાના પ્રાયોજના વહીવટદારશ્રીને કેટલીક યોજનાઓ મંજૂર કરવાની સત્તા આપવામાં આવેલ છે.

  બીજરૂપ અંદાજપત્ર હેઠળ નીચે મુજબના સૂચિત કામો/ સહાય આપી શકાય છે.

➢ **શિક્ષણ**

૧. કોટવાળીયા બાળકોને સ્લેટ, પેન તથા અનાજ માટે સહાય.

૨. નિશાળોના ઓરડાઓના બાંધકામ અને નિભાવ માટે સહાય.

૩. આશ્રમશાળાના બાળકોને બિસ્તરો માટે સહાય.

૪. બાલવાડીના બાળકોને નાસ્તા માટે સહાય.

૫. શાળાના નવા ઓરડા બનાવવા માટે સહાય.

૬. બાલવાડી, આંગણવાડીના બાળકોને ગણવેશ માટે સહાય.

➢ **કલા અને સંસ્કૃતિ**

૧. આદિજાતિ નૃત્ય મંડળીઓને ગણવેશ માટે સહાય.

૨. લોક નૃત્યો માટે સહાય.

૩. યુવક મહોત્સવના આયોજન માટે સહાય.

૪. વિડિયો લાયબ્રેરીની વ્યવસ્થા માટે સહાય.

➢ **જાહેર આરોગ્ય**

૧. ચેપી રોગો માટે આદિજાતિ લોકોને દવાઓ પૂરી પાડવા માટે સહાય.

૨. મેડિકલ કેમ્પના આયોજન માટે સહાય.

૩. પ્રાથમિક આરોગ્ય કેંદ્રના મકાનોમા ખૂટતી સુવિધા પૂરી પાડવા માટે સહાય.

➢ **શ્રમ અને રોજગાર**

૧. આદિજાતિ પુરુષો અને સ્ત્રીઓ માટે શિવણના સાધનો અને તાલીમ માટે સહાય.

૨. ખેતીવાડીના સાધનો માટે સહાય.

૩. લશ્કરમાં ભરતી સમયે વાહનવ્યવહાર ખર્ચ માટે સહાય.

૪. મોટર ડ્રાઈવીંગની તાલીમ અંગે સહાય.

➢ **સમાજ સુરક્ષા અને કલ્યાણ**

૧. છોકરા અને છોકરીઓની હોસ્ટેલના સાધનો માટે સહાય.

૨. આદિજાતિ સ્ત્રીઓને સાંસ્કૃતિક પ્રવાસ માટે સહાય

૩. બાળકોના મેળા માટે સહાય

૪. આદિજાતિ યુવતીઓની મંડળીઓને ઉપયોગ માટે લાઉડ સ્પીકર વસાવવા માટે સહાય.

૫. શિવણની તાલીમ માટે સહાય.

➢ **સહકાર**

૧. સહકારી મંડળીઓને ખેતી વિષયક ઉત્પાદનની ખરીદી તથા સંગ્રહ માટે ધિરાણ.

૨. બાજપડીયા કામ માટે કાચા સામાનની ખરીદી માટે સહકારી મંડળીઓને ધિરાણ.

૩. દૂધ મંડળીઓને દૂધ ઘર માટેના બાંધકામ માટે ધિરાણ.

૪. મત્સ્યોદ્યોગ માટે સહકારી સંસ્થાઓને જાળીઓની ખરીદી માટે ધિરાણ.

૫. હાથ વણાટ સહકારી મંડળીઓને ધિરાણ.

➢ **વીજળીકરણ**

૧. વીજળીનું જોડાણ મેળવવા માટે સહાય.

૨. વિજળી જોડાણ મેળવવા અનામત (ડિપોઝીટ) ની રકમ માટે સહાય.

૩.વીજબીલમાં સહાય.

➢ **અન્ય કામો**

૧. ઢોરને પાણી પીવાના હવાડાનું બાંધકામના કામો.

૨. પીવાના પાણી માટે ટ્યુબવેલ/બોરના કામો.

૩. પશુ દવાખાનાના મકાનો બાંધવાના કામો.

૪. ગ્રામ રસ્તા ઉપર નાળા બાંધકામો દ્વારા ખુટતી સુવિધાઓ માટેના કામો.

૫. શાળાના બાલમંદિરના, દવાખાના તથા પંચાયત ઘરના મકાનોનાં વરંડા, કંપાઉન્ડ વોલના બાંધકામના કામો.

પાત્રતાનું ધોરણ સ્થાનિક સ્થિતિ અને સંજોગો અનુસાર ચાલુ યોજનાના ઢાંચામાં ન આવતાં હોય તેવા પ્રકારના કામો માટે યોજનાની **રૂ. ૫ લાખ સુધીના કામોની સત્તા પ્રાયોજના વહીવટદારશ્રીને**, **રૂ. ૫ થી રૂ. ૧૦ લાખ સુધીના કામોની સત્તા**

**જિલ્લા માર્ગદર્શન સમિતિને, રૂ. ૧૦ થી રૂ. ૨૦ લાખ સુધીના કામોની સત્તા કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ હસ્તક** તેમજ **રૂ.૨૦ લાખથી ઉપરની સત્તા સરકારશ્રી**ને હસ્તક છે.

- **અરવલ્લી જીલ્લામાં** છેલ્લા ત્રણ વર્ષમાં પ્રસ્તૂત યોજના હેઠળ **કુલ રૂ. ૧૦૦.૩૭ લાખ**ની ફાળવણી કરવામાં આવે છે, **મેઘરજ અને ભિલોડા તાલુકાના કુલ ૩૨ કામો** કરવામાં આવેલ છે.

- તેમજ **સાબરકાંઠા જીલ્લામાં** છેલ્લા ત્રણ વર્ષમાં પ્રસ્તૂત યોજના હેઠળ **કુલ રૂ. ૧૧૪.૭૬ લાખ**ની ફાળવણી કરવામાં આવે છે, **મેઘરજ અને ભિલોડા તાલુકાના કુલ ૩૧ કામો** કરવામાં આવેલ છે.

Back To Index